# વિધિનો શબ્દ

મર્ત્યલોકની નીરવ સીમાઓ પર આવેલી મહાશાંતિના પ્રકાશિત પટને પાર કરીને ગાતા ગાતા દેવર્ષિ નારદ આવ્યા. ગ્રીષ્મ સમયની સોનેરી પૃથ્વીએ એમને આકર્ષ્યા, અને મૃત્યુ સાથે જીવન જ્યાં સામસામે ઊંચા-નીચા થવાની રમત રમી રહ્યાં છે ત્યાં એ શ્રમ, શોધ, શોક અને આશાની ભૂમિકા પ્રત્યે વળ્યા. મનોમયની સરહદ વટાવી એ હવે પંચતત્ત્વના પ્રદેશમાં પ્રવેશ્યા, ને ઊંઘમાં કામ કરતી અંધ શક્તિની પ્રવૃત્તિઓની વચમાં થઈ વિચર્યા. આકાશનું આંદોલન અનુભવાયું, આદિ અનિલે સ્પર્શનો આદ્ય આનંદ આપ્યો. એક ગુપ્ત આત્માનાં શ્વસનો ત્યાં ચાલતાં હતાં. પછી ગહન અગ્નિનું સર્જનકાર્ય જોવામાં આવ્યું, ત્યાર બાદ જીવન-મરણનો રસ સંવેદાયો ને અંતે પૃથ્વીની જડતામાં ઉદ્ભવેલાં તમોગ્રસ્ત રૂપોની એકતાની મૂક તદાકારતામાં ભાગીદારી મળી.

નારદે વિશ્વરૂપ આત્માને કામે લાગેલો જોયો. એમની દૃષ્ટિએ અવકાશોનું ને ઊંડાણોનું માપ લીધું, ચૈત્યની ચળવળો જોઈ, દેવોનો સનાતન શ્રમ વિલોકયો, જાનવરોનાં ને માણસોનાં જીવન નિહાળ્યાં. દિવ્ય ગાયકનો મનોભાવ હવે બદલાયો. એમના સ્વરમાં કરુણરસ આવવા લાગ્યો. પ્રકાશનાં, ઐક્યનાં, નિત્યના આનંદનાં ને અમર પ્રેમનાં એમનાં ગાન અટકી પડયાં ને એમને સ્થાને અજ્ઞાનનાં ને પ્રારબ્ધનાં ગાન આરંભાયાં. હવે ભગવાન વિષ્ણુનું નામ એમણે લેવા માંડયું. ગૂઢ જગતનો જન્મ, હર્ષ અને ભાવાવેશ એમના ગાનમાં આવ્યાં. તારાઓની ઉત્પત્તિ, જીવનનો આરંભ અને અચિત્‌માં ચૈત્યાત્માની ધબક એમના ગાનનો વિષય બન્યાં. અચિત્‌નો અલક્ષ્ય આત્મા, એના અજ્ઞાનમાં છે તે સર્વજ્ઞ સર્વશક્તિમત્તા, જ્યોતિ માટે ઝંખતો અંધકાર, માનવ હૃદયના પ્રત્યુત્તરની વાટ જોતો ગૂઢ નિલીન પ્રેમ, અમૃતે આરોહતું મૃત્યુ, રાત્રિનાં અંધ ગહનોમાંથી પોકારતું પરમસત્ય, પ્રકૃતિ-માતાનું પ્રચ્છન્ન પ્રજ્ઞાન, એની મૂકતા દ્વારા કાર્ય કરતો વિચાર, રૂપાંતર પમાડતા એના હસ્તોનો ચમત્કાર, પાષાણમાં ને પ્રભાકરમાં પોઢેલો પ્રાણ, મનોહીન જીવનમાં પડદા પાછળનું મન તથા પશુમાં તેમ જ મનુષ્યમાં પ્રબોધ પામતું ચૈતન્ય એમના ગાનમાં ગવાયાં. આગળ ઉપર પ્રકટ થવાવાળો મહર્લોકનો મહિમા, છેલ્લા પડદા પાછળથી પ્રકટ થનાર દેવ, દિવ્ય બનેલા દેહો, પરમ મુદાનું જીવન, અમર માધુર્યનું ને અમર મહાબલનું મંગલ મિલન, હૃદયને સંવેદતું હૃદય, વિચાર સામે વિલોકતો

વિચાર, આગળાઓ પડી ભાગતાં મળતો આનંદ, દિવ્ય રૂપાંતર અને પરમાત્મીય પ્રમોદ ઋષિના રાગમાં આલાપાયા. ને એમનું ગાન સુણીને આખરે પોતાનો પરાજય થશે ને પરાજય સાથે ઉદ્ધાર થશે અને પોતે પાછા પરમાત્મસ્વરૂપમાં પાછા ફરશે એ વિચારે અસુરોની આંખોય ભીની થઈ.

અમરોનાં ધામોને જીતી લેનાર એ દિવ્ય માનવ વીજની જેમ નીચે ઊતર્યા. રાજા અશ્વપતિએ અને મહારાણીએ પોતાના ગગનચુંબી રાજમહેલમાં એમનો આદરસત્કાર કર્યો. પતિપત્નીએ જગતની જંજાળમાંથી મુહૂર્તેક મુક્ત થઈ દેવર્ષિની દિવ્ય સંગીતમયી સરસ્વતીનો આસ્વાદ આરંભ્યો. નારદે પૃથ્વી ઉપરના મનુષ્યોના ને દેવોના પરિશ્રમોનાં ગુણગાન કર્યાં. દુઃખનો ચમત્કાર ને એની રહસ્યમયતા પાછળ સ્પંદમાન આનંદનું આલાપોમાં આખ્યાન કર્યું. પ્રેમના પદ્મ-હૃદયનું ને એની પ્રકાશમાન સત્યમયી સહસ્ર કલિકાઓનું ગાન કર્યું. પ્રત્યેક સ્પર્શથી એ કેવી કંપી ઊઠે છે ને એક દિન દિવ્ય પ્રેમીની પ્રાપ્તિ થતાં પ્રેમીના બાગમાં એ કેવી પ્રફુલ્લિત થઈ જશે અને મહાસુખના મધુર સ્વર ઝીલશે એ એમણે ગાયું.

પૃથ્વી પોતાની તામિસ્ર નિદ્રામાંથી જાગી ઊઠી, મનના સ્વપ્નાલોકમાંથી બહાર નીકળી અને પ્રકટ થયેલા પ્રભુના મુખનાં દર્શન કરી કૃતાર્થ થઈ ગઈ.

એવામાં સાવિત્રીનો રથ આવી પહોંચ્યો અને પ્રેમના પ્રભામંડલમાં વિરાજ-માન મનોહારી મુખ ને આંખોમાં આનંદની ઝલક લઈ એ પિતાની સમીપમાં આવી ઊભી, ને ત્યાં પરમેષ્ઠીના પુત્ર દેવર્ષિ નારદનાં એને દિવ્ય દર્શન થયાં.

નારદે પોતાની આંખ એની ઉપર ફેરવી, ને એને અંતરની દૃષ્ટિના પ્રકાશમાં લઈ લીધી. પછી જ્ઞાનને નિગ્રહમાં રાખી એમણે એને સંબોધી :

“ કોણ આવી છે આ વધૂ, જ્વાલામાંથી જન્મી હોય એવી? તારા ઉજ્જ્વલ મસ્તકની આસપાસ વૈવાહિક વૈભવો વિલસી રહ્યા છે. કઈ વિલસતી વનવીથિઓ-માંથી આ આંખોની મોહની તું લાવી છે? પૃથ્વી ઉપર સોનેરી વિસ્તારો છે, છાયા-લીન ગિરિઓ છે, ઝંખનભર્યાં ઝરણાં છે, મીઠો મર્મરાટ શર-વનમાં શમી જતો હોય છે,—આવા કોઈ આહ્‌લાદક સ્થાનમાં તું થોભી હતી ને? અજ્ઞાત આંખોની અસર અનુભવી હતી ને? તારાં અંતરનાં ઊંડાણોને પ્રહર્ષણથી ભરી દેતો સુસ્વર તેં સાંભળ્યો હતો ને? લાગે છે કે તેં એક અલૌકિક સોમરસનું પાન કર્યું છે. મનુષ્યની આંખો જ્યાં ઝંખવાઈ જાય એવા ઉજ્જ્વલતર પ્રદેશોમાં પ્રભાતના પડદા પાર જતાં જાદૂઈ ઘેર પર તું ઘેરાઈ ગઈ ’તી ને? ગંધમાદનના ઉત્સંગો પર અપ્સરા-ઓના વિહારો વિલોકતી વિલોકતી તું ઘૂમી આવી છે ને? દેવોનાં ક્યાં ક્રીડા-સ્થાનોમાં તારાં પગલાં ભૂલાં પડયાં હતાં? સ્વર્ગીય બંસરીના સૂર તેં સાંભળ્યા લાગે છે અને હજુય જાણે સાંભળી રહી હોય એવું જણાય છે, ખરું ને? તારા મૌને એક અદ્‌ભુત મહામુદાનું મધુર ફળ ચાખ્યું છે ને સંમુદાનાં ચંદ્રિકાધવલ શિખરો પર તું સંચરણ કરી આવી છે. ઓ પ્રકાશ-પાંખાળી! લીલેરા વનમાં થઈ તું

ક્યાંથી ઊડી આવી છે? તારી કાયા કોકિલના કૂજન સાથે એકરાગ બની ગઈ છે. તારા ખાલી હસ્ત પોતાનાં જ ગુલાબની સુંદરતાથી ભરાઈ ગયેલા છે. તારું હૃદય અમૃતના માધુર્યથી છલકાઈ જાય છે. જીવનનું સંગીત કિન્નરના દૂરથી આવતા ગાનની માફક તારા કાનમાં હજીય ગુંજી રહ્યું છે. પ્રવાલપુષ્પોના ને સુહાતાં સ્વપ્નોના કુંજોમાં થઈ મૃગલી શી તું દોડી આવી છે. વાતદેવતા સમી તું પર્ણોમાં થઈને પલાયિતા આવી છે. રત્નનયના હિમધવલા કપોતી! તારા આત્મસૌન્દર્યમાં સુનિર્મલ કામનાઓ ત્વરમાણ રહેલી છે. સાચામાં સાચી વસ્તુ તારામાં વર્તમાન છે. તું પોતે છે દેવોની સહોદરી ને દેવોનો આનંદ તારો સ્વભાવ છે. વિચારના સોનેરી સદનમાં તારો એકાકી નિવાસ છે. મનુષ્યોનાં ભાન વગરનાં જીવનોનો શિકાર કરનારું પ્રારબ્ધ સુખનાં શિખરો પર સૂતેલું જ રહે ને તારું હૃદય આદર્શના સ્વર્ણાલયમાં પુરાઈ રહે તો તારું પ્રબોધન પણ એવું જ ઉચ્ચ અને આનંદમય બની જાય. વિપરીત વિધિને સદાકાળ સુખનિદ્રામાં જ રાખી શકાય તો અહો! કેવું સ્વર્ગીય સૌભાગ્ય!"

નારદ બોલ્યા પણ તે માત્ર પ્રિય સત્ય જ બોલ્યા. મર્ત્યો ઉપર દયા દાખવી એમણે પોતાના જ્ઞાનને પાછું ખેંચી રાખ્યું, મેઘ જેમ ગડગડાટને હૃદયમાં રાખી ખાલી વિદ્યુતનું હાસ્ય પ્રકટ કરે તેમ. પણ રાજા વિચક્ષણ હતો, તેથી દેવર્ષિના શબ્દો પાછળ રહેલું છૂપું સૂચન એના ધ્યાનમાં આવ્યું, ને સાવધાન શબ્દોમાં ઢાંકેલા વિચારને ઉત્તર આપતો એ વદ્યો:

"હે અમર ઋષિરાય! તમે તો સઘળું જાણો છો. તમારા દિવ્ય માનસ આગળ ઢાલની માફક રખાયેલાં પ્રતીકોની આરપાર જો હું જોઈ શકતો હોઉં તો જણાય છે કે એક તરુણ જીવનના અરુણોદયનો દિવ્ય આરંભ થાય છે. અનંતનાં પ્રતીકો એનામાં પ્રજ્વલિત થયેલાં છે. આંતર સૂર્યના મહાપ્રકાશમાં એ રહ્યું છે. અમૃતના ઉત્સોનું એણે પાન કર્યું છે. સ્વર્ગની રત્નમયી અર્ગલા પાર એણે જોયું છે. રહસ્યમાં એનો પ્રવેશ થયેલો છે. ભુવનોને સર્જનાર શકિત સાથે એનો આત્મવ્યવહાર ચાલે છે. કાળમાં દિવ્ય પૂર્ણતાની પળો આવે છે, પણ અમરોના જીવનની એ પળો અતિ વિરલ છે અપ્સરાઓનાં અંગોને નૃત્યલયે ઉલ્લસાવનાર સ્વર્ગનું સુખ-સંગીત જેમના જીવનમાં જીવંત બન્યું હોય એવા દેહનો ને દેહીનો જન્મ જવલ્લે જ થાય છે.

પણ આપની આ સાવિત્રીને તો જુઓ. પ્રકાશ અને પ્રેમ એની મૂર્ત્તિમાં ઢળાયા છે. દેવોના છંદના પ્રાસાનુપ્રાસ જેવા લયમેળમાં રહેલાં એનાં અંગેઅંગ કેવાં સુન્દર ને મનોહર છે! એ છે ને લહરાતી સુવર્ણલતા? સ્વપ્નસરજ્યા અરીસાઓ જેવી એની આંખો છે ને કજ્જલની કિનારીએ એ કેવી કમનીય બની ગઈ છે! અંદર સ્વર્ગનાં પ્રતિબિંબ પડે છે. જેવું એનું શરીર તેવો જ એનો આત્મા પણ અદ્‌ભુત છે. એણે આંસુ જોયાં નથી. પ્રભાતો એના પ્રાણમાં પરંપરિત થાય છે.

એના સ્ફટિક-શુચિ હૃદયમાં સુષમાઓ શાશ્વતતા પામી છે. નીલાકાશ એની આગળ પોતાનો ભાવ પ્રકટ કરે છે, એને જોઈને ચંદ્રમા-ચકિત થઈ જાય છે. એના સાન્નિધ્યમાં પૃથ્વીનાં પુષ્પો કાળનો ને મૃત્યુનો ઉપહાસ કરે છે. જીવનનાં પરિવર્તનો એની આગળ થઈ આનંદી બાળકોની જેમ પસાર થઈ જાય છે.

દેવર્ષિ! જીવનનો આ આનંદ ચિરંજીવ બની જાય, દુ:ખના દારુણ સૂર એના દિવ્ય સંગીત જેવા દિવસો પર ન પડે તો કેવું રૂડું! ગાયકવર! તમારી પૂર્વજ્ઞાની દૃષ્ટિથી એને અનામય બનાવો ને એવા આશીર્વાદ આપો કે આ મનોહર બાલિકા પોતાના પ્રેમના હૃદયમાંથી જગતના દુ:ખદીર્ણ જીવન ઉપર અમૃતધારા રેડતી રહે, પૃથ્વીના ક્લાંત હૃદયને નિજાનંદથી સાજુંતાજું બનાવી દે. એના દ્વારા સારોયે સંસાર મહાસુખની મંજુલ જાળમાં ઝલાઓ!

જે અલકનંદાને જળે સદ્ય:સ્નાત સુર-સુંદરીઓ અભ્રાવલી જેવા અલકોમાંથી મોતીડાં જેવાં જલબિંદુઓ વેરે છે, તેને તટે ઊભેલું કલ્પવૃક્ષ જેમ રત્નરઢિયાળાં પુષ્પોના પ્રસાદ પાથરે છે તેમ આ બાલાય પૃથ્વી ઉપર પ્રકાશનાં પ્રભાતો પાથરો અને સંમુદાની લહાણીઓ કરો! આનંદની અર્ચિષ જેવી એ જન્મી છે ને અવનીને એ આનંદથી ઉજ્જ્વલ બનાવી દો! દુર્દૈવ ઊભું ઊભું એને જોયા કરે અને એને કશુંયે ન કરે એવું કંઈક કરો. પણ જગદંબા કોઈ કોઈ વાર બેદરકાર જેવી બની જાય છે ત્યારે એની પ્રેમપસંદગી પામેલું બાળક અસૂયક દૈવને હવાલે પડી જાય છે ને પ્રભુની વીણા મૂગી બની જાય છે; એના મહામુદાના મનોમોહક તાર રણઝણતા નથી. એવું ન થાય એવી કૃપા કરો. દુ:ખનાં ગાન તો જગતમાં જોઈએ તેટલાં છે. સાવિત્રીના દિવસોને સુખસભર ને શોકમુક્ત રણકઝણક કરતા રાખો. અથવા શું મહાન આત્માઓ માટે અગ્નિપરીક્ષાઓ રહેવાની જ? દેવર્ષિ! પ્રેમ, શ્રદ્ધા, પવિત્રતા અને પ્રભુના પ્રમોદથી પરિપૂર્ણ પરમાત્મપુત્રી દેવોના દારુણ સેતુ ઉપર થઈને સનાતનને સદને સુરક્ષિત પહોંચી જાય એવી દયા દાખવો."

પણ નારદ ચૂપ રહ્યા. એ જાણતા 'તા કે નસીબ બલવાન છે ને શબ્દો નિરર્થક છે. પછી મર્ત્યોના અજ્ઞાન સાથે જાણે ગેલ કરતા હોય તેમ એ અજાણની પેઠે બોલ્યા:

"કયા મહત્ત્વના કાર્ય માટે સાવિત્રી ઉત્સવળે રથે ગઈ હતી? હૈયું હીરથી ભરીને ને સુલોચનોમાં દૃશ્યમાન સ્વર્ગ લઈને એ ક્યાંથી આવી છે? અકસ્માત્ કયા દેવનો, કયા મહનીય મુખનો એને ભેટો થયો છે?"

રાજાએ ઉત્તર આપ્યો:

"લાલ અશોકે એને જતાં જોઈ છે ને આવતાં આવકારી છે. એને લાયક મુરતિયો એની માગણી કરવા આવ્યો નહિ, તેથી પતિવરા મધુરમૂર્ત્તિ એ પ્રિયતમની શોધમાં માર્ગ ખેડતી ગઈ હતી ને હવે હરખાતે હૈયે પાછી ફરી છે. કુંવરી! બાકીનું તું પોતે જ બોલ. તારા હૃદયે જે વરને પસંદ કર્યો હોય તેનું શુભ નામ પ્રકટ કર."

સાવિત્રી શાંત સ્વરે વદી:

"પિતાજી! તમારી આજ્ઞાને મેં અમલમાં મૂકી છે. શાલ્વ રાજ્યના પ્રચંડ પહાડોની વચ્ચેના વનની એક એકાંત કિનારે એ મને મળ્યો ને મેં એને પતિ તરીકે પસંદ કર્યો. એનું નામ છે સત્યવાન, મહારાજા દ્યુમત્સેનનો પુત્ર, અત્યારે અંધ અને રાજ્યભ્રષ્ટ મહાનુભાવ રાજા દ્યુમત્સેનનો સુપુત્ર. મારે માટે કરવાનું હવે કશું જ બાકી રહેતું નથી."

આશ્ચર્ય પામી સૌ થોડી વાર તો અવાક થઈ ગયાં. પછી અશ્વપતિએ અંતરમાં દૃષ્ટિ કરી ને જોયું તો સત્યવાનના નામ ઉપર એક ભારે છાયા તરતી દેખાઈ ને ઓચિંતી એક મહાજ્યોતિએ એની પૂઠ પકડી. પુત્રીની આંખમાં આંખ પરોવી રાજા બોલ્યો :

"તેં રૂડું કર્યું છે. તારી વરણી મને સંમત છે. તેં કહ્યું તે જ હોય તો બધું ઠીક થઈ જશે ને તેથી કંઈ વધારે હશે તો તેય ઠીક થઈ જશે. માણસની દૃષ્ટિને શુભ લાગતું હોય કે અશુભ, તો પણ એક છૂપો સંકલ્પ છે તે સૌને શુભમાં જ ફેરવી નાખશે. આપણું ભાગ્ય બેતરફી ભાષામાં લખાયેલું છે. પ્રકૃતિના વિરોધોની વચ્ચે થઈ આપણે પ્રભુની પ્રત્યે પગલાં ભરીએ છીએ. તમસમાંથી જ્યોતિ પ્રત્યે આપણે આગળ જઈએ છીએ. મૃત્યુ આપણને અમૃતે લઈ જનારો માર્ગ છે. અંતે તો શાશ્વત શ્રેયનો જ વિજય છે." તે વખતે જ નારદે દારુણ વેણ કાઢયાં હોત, પણ ઉતાવળ કરી રાજા વચમાં જ બોલી ઊઠયો :

"હે પરમાનંદના ઉદ્ગાતા! અંધને આપત્તિકારી દૃષ્ટિ આપતા નહિ. પૂર્વજ્ઞાન કારમી કસોટી છે. અમારી પાસેથી દેવોનાં કર્મોની આશા રાખતા નહિ. અહીં નથી શિવનો કૈલાસ કે નથી વિષ્ણુનું વૈકુંઠ; અહીં તો છે કેવળ કાળમીંઢ કરાળ પહાડો, લપસણા ઊભા માર્ગ. દેવો દુર્બળ માનવો પ્રત્યે વધારે પડતા કઠોર બને છે. માણસ શોકને સાટકે બેભાન બની જાય છે; કાળના ને મૃત્યુના એને ભણકારા વાગે છે; ભવિષ્યનો રસ્તો એને દેખાતો નથી; એક પગલું અજવાળાય એટલા પ્રકાશ માટે ને જરાજેટલા બળ માટે એ પ્રાર્થના કરે છે. દુર્દૈવનું નિવારણ કરી શકો તેમ હો તો જ હે મહામુનિ! બોલજો."

નારદે ઉત્તર આપ્યો નહિ, પણ ગભરાયેલી રાણી બોલી ઊઠી :

"દેવર્ષિ! આપનું આગમન શુભ સમયે જ થયું છે. બે જીવનોના સુખી સંયોગને આશીર્વાદ આપી અમર બનાવો. સત્યવાન સાચે જ સૌભાગ્યવાન છે કે સાવિત્રીએ અસંખ્યોમાંથી એક એને જ વર્યો છે, અને રાજમહેલ, રાજવૈભવ ને રાજગાદી તજીને એણે જે ઝૂંપડીને અપનાવી લીધી છે તેય મહાભાગ્યશાળી છે. ભગવન્! આશીર્વાદ આપી એમનાં આનંદમય જીવનોની આડે આવવા માગતી હોય તે અશુભ છાયાને હડસેલી મૂકો, એમને આતંકરહિત બનાવી દો. અથવા તો જો અનિવાર્ય ઘોર દુર્ભાગ્ય એમને માથે ઝઝૂમી રહ્યું હોય તો તે પણ જણાવો કે જેથી માર્ગમાં અકસ્માત્ થઈ ગયેલા આ મિલનમાંથી મારી સાવિત્રીને બચાવી લેવાય."

નારદે ધીમે રહીને રાણીને કહ્યું:

"ભદ્રે ! જેઓ માત્ર હંકારાતા જ હોય છે તેમને પૂર્વજ્ઞાન શી સહાય આપવાનું હતું? બચી જવા માટેનાં બારણાં અવાજ સાથે સમીપ ઊઘડતાં હોય છતાંય જેમનું આવી બન્યું છે તેઓ પાસે થઈને આગળ ચાલ્યા જાય છે. ભવિષ્યનું જ્ઞાન એટલે દુ:ખમાં ઉમેરો. જગતના નાટકમાં અદૃશ્ય રહેલા નટો પગલાં ભરે છે અને માણસ કોઈ એક અદૃશ્ય નટનું બહારનું મો'રું છે. પોતે શું બોલે છે ને કરે છે તેનું એને ભાન નથી. કોઈ ગુપ્ત બળ એને ચલાવી રહેલું હોય છે. એ છૂપા દૈવબળની માગણીને કોઈ ના પાડી શકતું નથી. ભાગ્ય છે પ્રભુની કમાન ઉપરથી છૂટેલા બાણ જેવું."

નારદના શબ્દો દુ:ખાદિથી પર રહેનાર પ્રશાંત આત્માના શબ્દો હતા. પણ અશ્વપતિની રાણી વિદુષી અને ઉચ્ચ સ્વભાવની હોવા છતાંય છેવટે તો મા હતી ને એનું હૃદય માની મમતાથી ભરેલું હતું. તેથી લાગણીવશ થઈ એણે વિશ્વવિધાતા સંકલ્પ ઉપર એક પછી એક આક્ષેપો ખડકવા માંડયા:

"દુર્દૈવે જ શું એ શાલ્વ છોકરાનું રૂપ લઈ મારી સાવિત્રીને સકંજામાં લીધી છે? પૂર્વજન્મનું વેર વાળવા ક્યાંથી એ હસતો હસતો વનમાંથી નીકળી આવ્યો? દેવોય શું અમારાં ભૂલી જવાયેલાં કર્મોને કામમાં લઈ લે છે? પતિત પ્રેમ પિશાચ બની જાય છે. એની નિર્દયતાને હદ હોતી નથી. અમારી સહાનુભૂતિઓ અમારી યાતનાઓ બની જાય છે. અમે દેવોની જેમ તટસ્થ રહી દુનિયાનાં દુ:ખો જોઈ શકતાં નથી. અમરોની ઉદાસીનતા અમારે માટે અસહ્ય છે. અમારાં હૃદયો અન્યોનાં દુ:ખોને પોતાનાં બનાવી દે છે. અજાણ્યાઓનું દુ:ખેય મારા હૃદયને વિદારી નાખે છે, ને આ તો રહી મારી પોતાની પ્રિય પુત્રી. એને માટે મને કેટલું બધું લાગે! મહામુનિ! અમારું દુર્દૈવ હોય તો તેય અમારાથી છુપાવતા નહિ. તે ગમે તેટલું અસહ્ય ભલે ને હોય. એને જાણી લેવું સારું."

પછી તો માના હૃદયને વીંધી નાખતા ને સાવિત્રીના સંકલ્પને લોઢા જેવો દૃઢ બનવાની ફરજ પાડતા નારદજી ઊંચે અવાજે બોલ્યા: એમના શબ્દોએ નિર્માણની કમાન મુકત કરી. એક પળના પ્રારબ્ધ-પ્રયોજનને માટે દેવો માનવ રકત અને અશ્રુઓને છૂટે હાથે ખરચી નાખે છે!

"રાણી! તારે સત્ય જ સાંભળવું હોય તો લે એ આ રહ્યું: તારી પુત્રીએ જે સત્યવાનને પસંદ કર્યો છે તે એમ તો છે પુરુષોત્તમ, એવો કે કાળની સઘળીય કૃતિઓ એની આગળ તુચ્છ છે; એનો આત્મા છે આનંદમય; દેવત્વ -અને રાજત્વ એના ભાગ્યની રેખામાં અંકાયેલાં છે: એ છે સુમન ને સોમ સમાન સૌમ્ય, નિર્ઝર જેવો નિર્મલ, સ્વર્ગોનો પ્રાણધારી પુંજ, સ્ફુરતો સતેજ સિતારો, પરમાનંદનું પાટલપુષ્પ. એનામાં આત્મા અને પ્રકૃતિ સમભાગે આવેલાં છે. વિશ્વોના લયમેળ એનામાં સંતુલિત થયેલા છે. એનું માનવ હૃદય સ્વર્ગનાં સૂનૃતો કરતાંય વધારે સૂનૃતનું ધામ છે. એ મહાસુખ માણે છે ને મહાસુખની લહાણીઓ કરે છે. એની વાણી છે

ઋતંભરા. પૃથ્વી પરનાં રૂપોમાં એ પ્રભુને પ્રત્યક્ષ કરે છે. જીવનની ખાણમાંથી ખોદી કઢાયેલો એ દેવ છે. પરંતુ આજની ઘડીથી બરાબર બાર મહિના પછી આજના જ દિવસે ને આજની જ ઘડીએ એનું મૃત્યુ થવાનું છે."

વાક્ય ઉલ્કાપાત જેવું થઈ પડયું ને રાણી બોલી ઊઠી :

"તો પછી સ્વર્ગનો અનુગ્રહ એળે જાય છે! એણે આપણો ઉપહાસ કર્યો છે! લો હું એ અનુગ્રહનો તેમ જ ઉપહાસનો—ઉભયનો અસ્વીકાર કરું છું. સાવિત્રી! જા તું ફરી, તારી ખોજ આગળ ચલાવ, આને છોડી દે ને તારે માટે બીજા સહચરને શોધી લાવ, પછી ભલે ને એ આના જેટલો અદ્ભુત ન હોય. તું સુખી તો થશે."

પણ સાવિત્રી શાંત છતાં મક્કમ મને બોલી :

"મા! મારા હૃદયે એકવાર જે પસંદગી કરી તે કરી, હવે બીજી વાર પસંદગી કરવાની રહેતી નથી. મેં જે શબ્દ ઉચ્ચાર્યો છે તે પ્રભુને ચોપડે લખાઈ ચૂકયો છે. સત્યવાનને મારા હૃદયે જે વચન આપ્યું છે તેની ઉપર મુદ્રા મરાઈ ગઈ છે. સત્યવાનને મરવું પડશે તો મનેય મરતાં ક્યાં નથી આવડતું? દુર્દેવ, મૃત્યુ કે કાળ—કોઈ અમારા એક બનેલા આત્માઓને વિખૂટા પાડવા સમર્થ નથી. નિયતિના નિયમને બદલાવું હોય તો બદલાય, મારા આત્માનો સંકલ્પ બદલાવાનો નથી."

સાવિત્રીના શબ્દો એણે પોતે જ પસંદ કરેલા સર્વનાશ જેવા રાણીને લાગ્યા. ડૂસકાં ખાતી માએ સાવિત્રીને બહુ બહુ સમજાવી પણ તે એકની બે થઈ નહિ.

પછી શોકે ભર્યા સૂરની સહાય લઈ રાણી બોલી : "બેટા! અલૌકિક ભાવનાઓની આભાથી અંજાઈ જઈ તું મર્ત્ય આશાને અમર બનાવી બેઠી છે. આ લોકમાં બધું જ બદલાતું રહે છે. કોઈ કોઈને માટે નથી. જેને તું ચાહે છે તે એક સાવ અજાણ્યો માણસ છે ને તેય તે દૂરના વધારે અજાણ્યા સ્થાનમાં ચાલ્યો જવાનો. શરીર પંચત્વ પામવાનું ને પાંચે તત્ત્વો મૂળમાં ભળી જઈ અન્યોના સુખ માટે કાચું દ્રવ્ય બનવાનાં. આપણા જીવ આવે છે ને જાય છે, મહાન નટરાજની ચક્રાકાર ગતિમાં યુક્ત ને વિયુક્ત થતા રહે છે. તો પછી કાળસાગર પરના કામનાના વાવાઝોડામાં જીવન-નૌકાના સઢ ખોલી એને ખરાબે ચઢાવવી એ કેવું?

માણસ દેવોથી નીચેનું ને પશુઓથી ઉપરનું પ્રાણી છે, અને એને વિવેકબુદ્ધિનું વરદાન મળેલું છે. રાક્ષસો અને અસુરો સ્વર્ગને સર કરી પોતાનું બનાવી દેવા માટે ઊંચે ચડે છે, અથવા તો નરકાલયોને ઘેરો ઘાલે છે. સનાતન ધર્મની દુર્ગદીવાલ સામે અથડાઈને તેમનો અંત આવે છે, યા તો પોતાના જ પાપપિંડ નીચે તેઓ કચરાઈ મરે છે. પણ વિચારશીલ મનુષ્ય માટે મધ્યમ માર્ગ છે. એ માર્ગ પસંદ કરે છે ને ધ્યેયે જાય છે. તુંય જ્યારે આરોહીને એક સ્વરૂપે પહોંચશે ત્યારે પરમાનંદમાં તને પરમ પ્રેમની પ્રાપ્તિ થશે અને નિત્યનો પ્રેમ ક્ષણિક માનુષી પ્રેમનું સ્થાન લેશે.

જીવનનો એક ગુપ્ત ધર્મનિયમ છે. તપસ્યા કરાવી તે ક્રમે ક્રમે શિવ શિખરે લઈ જાય છે. ત્યાર પછી આપણું જીવન શાંત યાત્રાનું સ્વરૂપ લે છે, પ્રત્યેક વર્ષ

અમર પંથનો એક કોશ બની જાય છે, પ્રત્યેક પ્રભાત એક નવો પ્રકાશ લાવે છે. તારાં કર્મો જ તારાં સહાયક છે. જાગૃતિ અને સુષુપ્તિ અવસરોનું કામ કરવાની. તારો અજેય આત્મા અકાળની શાંતિમાં બૃહત્ બનીને પછી રહેવા લાગવાનો."

પણ સાવિત્રી બોલી :

"મારો સંકલ્પ સનાતન સંકલ્પનં અંગ છે. મારું ભાગ્ય મારા આત્મબળને અનુરૂપ છે. મારામાં દાનવનું નહિ, દેવાધિદેવનું દૈવત છે. મારો આત્મા આ લોકમં શા માટે આવ્યો છે તેની મને ઝાંખી થઈ ગઈ છે. પરમ પ્રેમની અવિનાશી સત્તા મને મળેલી છે. તો પછી એકલું મારું સુખ ને શાંતિ શોધતી હું શા માટે શૂન્યાવકાશની સ્પૃહા કરું? અનંત ને એકાંત નિદ્રામાંથી મારો આત્મા જે આશાને પૂરવા ઊતરી આવ્યો છે તે આશાને હું શી રીતે નાસીપાસ કરું? વિશ્વભરમાં એક વિરાટ હૃદય ધબકી રહ્યું છે. પારાવાર પ્રેમની શકયતા છે. આ સત્ય સંપત્તિ આગળ સહસ્રો સંવત્સરોની સંપત્તિઓ તુચ્છ છે. દુઃખ, શોક કે મૃત્યુ મારે મન કશી વિસાતનાં નથી, અને સત્યવાન સિવાયના અન્ય પામર જનોનું મારે પ્રયોજન નથી. સત્યવાનમાં સંસ્થિત થયેલા મારા આત્માને કારણે જ હું મારા જન્મને મહામૂલ્ય માનું છું. દેવો જેમ સ્વર્ગમાં તેમ પૃથ્વી ઉપર હું સત્યવાનનો સહચાર સેવતી સંચરીશ, પછી તે એક વર્ષ માટે જ ભલે ને હોય. તેમ છતાંય હું જાણું છું કે મારા ભાગ્યમાં અલ્પ કાલનું પ્રેમમય જીવન નથી. એ કોણ છે ને હું કોણ છું તેનું મને જ્ઞાન છે. અમારા આત્માઓ પૃથ્વી ઉપર શા માટે આવ્યા છે તેનું મને ભાન છે. મારા અમર આત્માએ સત્યવાનના અમર આત્મા ઉપર દૃષ્ટિ સ્થિર કરી છે. સત્યવાનની અંદર મને સ્મિત સમર્પતા મારા પ્રભુનાં મને દર્શન થયાં છે. સનાતન પરમાત્મપુરુષને મેં એના માનવ મુખમાં જોયો છે."

પછી કોઈ એને ઉત્તર આપી શકયું નહિ. અદૃષ્ટની આંખોમાં જોતાં સર્વે ત્યાં ચૂપ બેઠાં.